PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/કવા–૦૧/૧૭–૧૮/ ૪૦૯૪ તા. ૨૬/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વિમલભાઈ ગોરધનભાઈ પટોડીયા,
ભોલેનાથ સોસાયટી,
સહજાનંદ સ્કુલ ની પાછળ,
પ્લોટ નં.–૭૧,
માધાપર
મો: ૮૭૫૮૮ ૭૭૬૧૭

**વિષય :–એમ.આર.આઈ. રીપોર્ટ ની ફરીયાદ માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૯/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૩...)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૯/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીગઃ તા. ૦૯–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામઃ વિમલભાઈ ગોરધનભાઈ પટોડીયા, ગામઃ રાજકોટ

રજુઆત કરનારઃ અરજદાર શ્રી વિમલભાઈ ગોરધનભાઈ પટોડીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : એમ.આર.આઈ. રીપોર્ટ ની ફરીયાદ માટે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧. | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૦૭૪૭/૦૧૬૬૪/૦ નુ મીટર '' ફાસ્ટ ફરતુ '' હોય, સદર મીટર મા '' માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ '' નુ, વધુ વીજવપરાશી યુનીટ નુ બીલીગ થયેલ હોય, સદર મીટર ને બદલાવી, અને એમ.આર.આઈ. અહેવાલ મેળવવામા આવેલ છે. જેથી, એમ.આર.આઈ. અહેવાલ, તેમજ લેબોરેટરી ચકાસણી મા જણાયેલ, મીટર ની ખરી તાંત્રીક સ્થિતી ને આનુષાંગીક રહી અને સદર બીલ સુધારી આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨. | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૦૭૪૭/૦૧૬૬૪/૦ નુ મીટર '' ફાસ્ટ ફરતુ '' હોય, સદર મીટર મા ' ' માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ '' નુ, વધુ વીજવપરાશી યુનીટ નુ બીલીગ થયેલ હોવાના કારણોસર ની ફરીયાદી અરજદાર શ્રી ની રજુઆત ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, તા.૦૭–૦૩–૧૭ ના રોજ, ચેકીગ શીટ : ૫૦૬૪૭૪ થી, મીટર ની સ્થળ ચકાસણી કરવામા આવેલ હતી. આ સમયે જોડાણ મા, ૧.૧૬૩ કીવો નો વીજભાર જણાયેલ હતો. આ સમયે તા.૦૭–૦૩–૧૭ ના રોજ, સવાલવાળા એચ.પી.એલ. કંપની ના મીટર નં. : ૦૧૬૨૦૪૩૪ ને, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે આ મીટર મા છેલ્લા રીડીગ : ૬૫૬૭ જણાયેલ હતા. તેમજ, તા.૦૭–૦૩–૧૭ ના રોજ પર્ફામા –૧૫ નંબરઃ ૭૨૬૧૨૦ થી, નવુ એચ.ઈ. કંપની નુ મીટર નં. : ૦૩૪૩૫૨૪૭, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, જુના સવાલવાળા એચ.પી.એલ. કંપની ના મીટર નં. : ૦૧૬૨૦૪૩૪ ને, પીજીવીસીએલ ની લેબોરેટરી મા અરજદાર ના પ્રતિનીધી શ્રી ની હાજરી મા, તા.૧૫–૦૩–૧૭ ના રોજ, મીટર ને એક્યુરેસીટેસ્ટ હેઠળ ચકાસણી કરવામા આવેલ હતુ. જે દરમ્યાન મીટર યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીગ ૬૫૬૭ જણાયેલ હતા. પરંતુ, સદર ફાસ્ટ મીટર ની ફરીયાદ ના અનુસંધાને, સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ કરાયેલ હતો. અને આ એમ.આર.આઈ. અહેવાલ, જે એચ.પી.એલ. કંપની સમક્ષ વિશેષ અભિપ્રાય માટે રજુ કરાયેલ હતો. |

| | |
|---|---|
| **૨.૩** | ત્યારબાદ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ના, સવાલવાળા એચ.પી.એલ. કંપની ના મીટર નં. : ૦૧૬૨૦૪૩૪ નો એમ.આર.આઈ. અહેવાલ, જે એચ.પી.એલ. કંપની સમક્ષ રજુ કરાયેલ હતો. તે એમ.આર.આઈ. અહેવાલ નો વિગતે અને તમામ તાંત્રીક બાબતો ને અનુલક્ષીને, મીટર બનાવટ એવી એચ.પી.એલ. કંપની તરફથી અભ્યાસે લઈ અને પીજીવીસીએલ ને, સદર સવાલવાળા એચ.પી.એલ. કંપની ના મીટર નં. : ૦૧૬૨૦૪૩૪ ની તાંત્રીક સ્થિતી દર્શાવતો અભિપ્રાય, જે તા.૧૦–૦૫–૧૭ ના રોજ ના ઈ–મેઈલ મારફત પીજીવીસીએલ સમક્ષ રજુ થયેલ છે. આ અભિપ્રાય મુજબ, '' Analyzing Meter Reports it seems the Meter is Faulty and we will provide you the replacement. '' – આમ, મીટર '' એચ.પી.એલ. કંપની તરફથી, ક્ષતિગ્રસ્ત '' જાહેર કરાયેલ છે. |
| **૨.૪** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ, સવાલવાળુ એચ.પી.એલ. કંપની ના મીટર નં. : ૦૧૬૨૦૪૩૪ ક્ષતિગ્રસ્ત જાહેર કરાયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા દરમ્યાન નુ બીલીંગ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા મુજબ, જોડાણ મા સ્થાપીત થયેલ વાસ્તવિક સરેરાશ વીજવપરાશી એવા દ્રીમાસીક બીલીંગ મુજબ ના યુનીટ ના ધોરણે બીલીંગ કરવાની જોગવાઈ હોય, આ જોગવાઈ ને આધિન રહીને, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ નુ બીલ, જે જોડાણ સ્થાપીત થયેલ સરેરાશ દ્રીમાસીક બીલીંગ યુનીટ મુજબ ના ધોરણે રીવાઇઝ કરવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન હોય, જેથી સદર માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ નુ બીલ, જોડાણ મા સ્થાપીત થયેલ દ્રીમાસીક બીલીંગ યુનીટ મુજબ ની ગણતરીએ રીવાઇઝ કરી, અને તે મુજબ ફરીયાદી ની ફરીયાદ નુ નિરાકરણ કરવા બાબતે નુ, અત્રે થી મંતવ્ય રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૦૭૪૭/૦૧૬૬૪/૦ નુ સવાલવાળુ એચ.પી.એલ. કંપની ના મીટર નં. : ૦૧૬૨૦૪૩૪, જે એચ.પી.એલ. કંપની તરફથી ક્ષતિગ્રસ્ત જાહેર કરાયેલ છે. ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા દરમ્યાન નુ બીલીંગ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ, એટલેકે નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. : ૬.૫૮ મા કરાયેલ માર્ગદર્શીકા મુજબ – ક્ષતિગ્રસ્ત મીટર સમયગાળા નુ, જે માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ નુ, જે સવાલવાળુ બીલીંગ થયેલ છે. તે બીલ ને, જોડાણ સ્થાપીત થયેલ સરેરાશ દ્રીમાસીક બીલીંગ યુનીટ મુજબ ના ધોરણે રીવાઇઝ કરવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન છે. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા માહે વર્ષ (૧) ૨૦૧૨–૧૩ (૨) ૨૦૧૩–૧૪ (૩) ૨૦૧૪–૧૫ (૪) ૨૦૧૫–૧૬ ના – માહે (૧) સપ્ટેમ્બર(૨) ઓક્ટોબર (૩) નવેમ્બર (૪) ડિસેમ્બર (૫) જાન્યુઆરી (૬) ફેબ્રુઆરી ના કુલ ૦૬ માસ દરમ્યાન, પ્રતિ માસ વિશેષતમ ૯૦ યુનીટ વાસ્તવિક વીજવપરાશ – એટલેકે પ્રતિ દ્રીમાસ ૧૮૦ યુનીટ નો વાસ્તવિક વીજવપરાશ પ્રસ્થાપિત થયેલ છે. આમ, સદર જોડાણ મા, આ મુજબ, પ્રતિ દ્રીમાસ ૧૮૦ યુનીટ ના વાસ્તવિક વીજવપરાશને આધાર સમક્ષ રાખીને, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમના ૧.૧૬૩ કીવો નો વીજભાર વાળા ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૦૭૪૭/૦૧૬૬૪/૦ મા અપાયેલ સવાલવાળુ ,માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ નુ બીલ – જે ૨૩૪૩ યુનીટ ને બદલે, જોડાણ મા સ્થાપીત થયેલ દ્રીમાસીક બીલીંગ એવા ૧૮૦ યુનીટ ની ગણતરીએ રીવાઇઝ કરવાની બાબત – ફોરમ કમિટી ને, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, સદર ,માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ નુ બીલ, જે ૨૩૪૩ યુનીટ ને બદલે, ૧૮૦ યુનીટ ની ગણતરીએ રીવાઇઝ કરી, અને અરજદાર શ્રી ને ખાસ પત્ર પાઠવીને, પત્ર સાથે, સદર રીવાઇઝ બીલ, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના, ૧.૧૬૩ કીવો નો વીજભાર ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૦૭૪૭/૦૧૬૬૪/૦ મા, પીજીવીસીએલ તરફથી અપાયેલ એવુ માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ નુ ૨૩૪૩ યુનીટ નુ બીલ– જે ૨૩૪૩ યુનીટ ને બદલે, ૧૮૦ યુનીટ ની ગણતરીએ રીવાઇઝ કરી – અને અરજદાર શ્રી ને ખાસ પત્ર પાઠવીને, પત્ર સાથે, સદર રીવાઇઝ બીલ, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.